# સુપ્રીમ કોર્ટના ચુકાદાની ૧૦ ખાસ બાબતો

૧. મુસ્લિમ સાક્ષીઓએ પણ માન્યુ કે બન્ને પક્ષ પૂજા કરતા હતા. મસ્જિદ ક્યારે બની તે સ્પષ્ટ નથી. ASI અહેવાલ પ્રમાણે ખાલી જગ્યા પર મસ્જિદ બનાવવામાં આવી ન હતી.
૨. મુખ્ય ન્યાયમૂર્તિએ કહ્યું- પૂરાવા રજૂ કરવામાં આવ્યા છે પરંતુ હિન્દુ બહારના ભાગમાં પૂજા કરતા હતા.વિશ્વાસ એક વ્યક્તિગત બાબત છે.
૩. સૂટ-૫ ઈતિહાસના આધાર પર છે, જેમાં યાત્રાની વિગતો છે. સુન્ની વક્ફ બોર્ડ માટે શાંતિપૂર્ણ કબ્જો દેખાડવો અશક્ય છે. મસ્જિદ ક્યારે બની અને કોણે બનાવી તે સ્પષ્ટ નથી.
૪. વર્ષ ૧૮૫૬-૫૭ અગાઉ હિન્દુઓને અંદરના ભાગમાં જવા પર કોઈ પ્રતિબંધ ન હતો. મુસ્લિમોને બહારના ભાગ પર કોઈ અધિકાર ન હતો. સુન્ની વક્ફ બોર્ડ એકાધિકાર સાબિત કરી શક્યું નથી.
૫. છેલ્લે ડિસેમ્બર, ૧૯૪૯ માં નમાજ કરવામાં આવી હતી. અમે પુરાવાને આધારે ચુકાદો આપી છીએ. મુસલમાનોને મસ્જિદ માટે બીજી જગ્યા મળશે.
૬. કેન્દ્ર સરકાર ત્રણ મહિનામાં યોજના તૈયાર કરશે. યોજનામાં બોર્ડ ઓફ ટ્રસ્ટીની રચના કરવામાં આવશે. વર્તમાન સમયમાં જગ્યા પરનો કબ્જો રિસીવર પાસે રહેશે. સુન્ની વક્ફ બોર્ડને પાંચ એકર જમીન મળશે.
૭. કેન્દ્ર સરકાર ત્રણ મહિનામાં જ યોજના તૈયાર કરશે. યોજનામાં બોર્ડ ઓફ ટ્રસ્ટીની રચના કરવામાં આવશે.
૮. કેન્દ્ર અથવા રાજ્ય સરકાર અયોધ્યામાં જ મસ્જિદ માટે સુટેબલ અને પ્રોમિનેન્ટ જગ્યા પર જમીન આપશે.
૯. સરકારને મંદિર બનાવવા માટે ટ્રસ્ટ બનાવવાનું રહેશે. તમામ ન્યાયમૂર્તિઓની સહમતીથી ચુકાદો આપવામાં આવ્યો છે.
૧૦. રામલલા બિરાજમાનને આપવામાં આવ્યો માલિકી હક, દેવતા એક કાયદાકીય વ્યક્તિ.

# ચૂકાદાને સાર્વત્રિક આવકાર

અમિત શાહે ટ્વિટ કરીને કહ્યું હતું કે, શ્રીરામ જન્મભૂમિ પર સર્વસમ્મતિથી આવેલા સુપ્રીમ કોર્ટના નિર્ણયનું હું સ્વાગત કરુ છું. હું તમામ સમુદાયો અને ધર્મના લોકોને અપીલ કરૂ છું કે અમે આ નિર્ણયને સહજતાથી સ્વિકાર કરતા શાંતિ અને સૌહાર્દથી પરિપૂર્ણ 'એક ભારત-શ્રેષ્ઠ ભારત'ના પોતાની સંકલ્પ પ્રત્યે કટિબદ્ધ રહે. કેન્દ્રીય ગૃહમંત્રી એ કહ્યું હતું કે, મને સંપૂર્ણ વિશ્વાસ છે કે, સુપ્રીમ કોર્ટ દ્વારા આપવામાં આવેલો આ પથ્થર પોતાની રીતે જ એક પાયાનો પથ્થર સાબિત થશે. આ નિર્ણય ભારતની એકતા, અખંડતા અને મહાન સંસ્કૃતિને વધારે બળ પ્રદાન કરશે.

**- અમિત શાહ**

મને એ વાતની ખુશી છે કે રામજન્મભૂમિના આંદોલનમાં ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ રહેવા છતાં મને કંઈક યોગદાન આપવાની તક મળી હતી.

**- મુરલી મનોહર જોશી**

કોર્ટનો નિર્ણય આવી ગયો છે, હવે અયોધ્યામાં ભવ્ય મંદિર બનશે. પરંતુ આપણે એવું કંઈ જ કરવાનું નથી જેનાથી કોઈ સમાજમાં ભય કે આક્રોશ ઉભો થાય. આપણે એ મર્યાદાઓનું પાલન કરવાનું છે જેને મર્યાદાઓ સ્વયં ભગવાન શ્રીરામ જીવ્યા.

**- યોગગુરૂ બાબા રામદેવ**

દાયકા જૂના અયોધ્યા કેસના ઉકેલ માટે સુપ્રીમ કોર્ટના ચુકાદાનું સ્વાગત યોગ્ય છે. અમે તમામને તેમના તહેદિલથી સ્વીકાર અને તેનું સમ્માન કરવું જોઈએ. તમારા મુલ્કની એકતા, સૌહાર્દ, ભાઈચારાની તાકતને મજબૂત કરવી આપણા બધાની સામૂહિક જવાબદારી છે.

**- મુખ્તાર અબ્બાસ નકવી, કેન્દ્રીય મંત્રી**

અયોધ્યા પર સુપ્રીમ કોર્ટના ચુકાદા બાદ રાહુલ ગાંધીએ ટ્વીટ કરી કહ્યું- સુપ્રીમ કોર્ટે અયોધ્યા મુદ્દા પર પોતાનો ચુકાદો સંભળાવી દીધો છે. કોર્ટના આ નિર્ણયનું સમ્માન કરતાં આપણે બધાએ પરસ્પર સદ્ભાવ બનાવી રાખવાનો છે.

**- રાહુલ ગાંધી**

શિવસેનાના વડા ઉદ્ધવ ઠાકરેએ જણાવ્યું, આજનો દિવસ ભારતના ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાશે. સૌએ ફેંસલો સ્વીકારી લીધો છે. હું ૨૪ નવેમ્બરે અયોધ્યા જઈ રહ્યો છે.

**- ઉદ્ધવ ઠાકરે**

અયોધ્યા જમીન વિવાદ પર સુપ્રિમ કોર્ટના બહુપ્રતીક્ષિત નિર્ણય આવી ગયો છે. નિર્ણય બાદ ઉત્તરપ્રદેશના મુખ્યપ્રધાન યોગી આદિત્યનાથે સુપ્રીમ કોર્ટના ચુકાદાનું સ્વાગત કર્યું છે. સાથે જ તેમણે લોકોને દેશમાં શાંતિ અને સદભાવનું વાતાવરણ જાળવી રાખવા અપીલ કરી. તેમણે ટ્વીટ કરીને કહ્યું કે માનનીય સર્વોચ્ચ અદાલતના નિર્ણયનું સ્વાગત છે. દેશની એકતા અને સદ્ભાવ બનાવી રાખવામાં બધા સહયોગ કરે, ઉત્તરપ્રદેશમાં શાંતિ, સુરક્ષા અને સદ્ભાવનું વાતાવરણ બનાવી રાખવા માટે ઉત્તરપ્રદેશ સરકાર પૂર્ણ રૂપે પ્રતિબદ્ધ છે.

**- યોગી આદિત્યનાથ**

'મહારાષ્ટ્ર નવનિર્માણ સેના'ના રાજ ઠાકરેએ રામમંદિર અને બાબરી મસ્જિદના ચુકાદા મામલે સંતોષ વ્યક્ત કર્યો. તેમણે કહ્યું, હું આજે ખુશ છું. એ બધા કારસેવકો કે જેણે સમગ્ર સંઘર્ષ દરમિયાન ભોગ આપ્યો, તેમનાં બલિદાન એળે નથી ગયાં. વહેલી તકે રામમંદિર બનવું જોઈએ. રામમંદિર સાથે જ દેશમાં 'રામરાજ્ય'ની પણ સ્થાપના થાય એવી મારી ઈચ્છા છે.

**- રાજ ઠાકરે**

શ્રી શ્રી રવિશંકરે જણાવ્યુ હતુ કે, આ એક ઐતિહાસીક ચુકાદો છે. છેલ્લા કેટલાય સૈકાઓથી ચાલી રહેલો કેસ આખરે તેના નિષ્કર્ષ સુધી પહોંચ્યો હતો. આ ચુકાદા વખતે ખરેખર દેશવાસીઓ વધાવી લેવો જોઈએ અને શાંતી અને સૌહાર્દ બનાવી રાખવું જોઈએ.

**- શ્રી શ્રી રવિશંકર**

અયોધ્યા મુદ્દા પર ભારતની સર્વોચ્ચ અદાલતે ચુકાદો આપ્યો છે. તમામ પક્ષો, સમાજ અને નાગરિકોએ આ નિર્ણયનું સમ્માન કરવું જોઈએ. આપણી સદીઓથી ચાલી આવતી સંસ્કૃતિને જાળવી રાખવી જોઈએ.

**- પ્રિયંકા ગાંધી**

હું દરેકને અપીલ કરુ છું કે, સુપ્રીમ કોર્ટના નિર્ણયને સ્વીકારે. શાંતિ અને એકતા જાળવે. ભાઈચારો આપણી ધર્મનિરપેક્ષતાની ઓળખ છે.

**- ઓરિસ્સાના મુખ્યમંત્રી નવીન પટનાયક**

દેશની બે હિન્દુ પીઠોના શંકરાચાર્ય સ્વામી સ્વરૂપાનંદ સરસ્વતીએ રામજન્મભૂમિ પર સુપ્રીમ કોર્ટના ચુકાદા પર થોડી ખુશી અને વધારે નારાજગી વ્યક્ત કરી છે. તેમણે જણાવ્યું કે, હિન્દુઓના હિતમાં ચુકાદો આપવો યોગ્ય છે. જો કે જ્યારે સાબિત થઈ ગયું કે, વિવાદિત સ્થળ હિન્દુઓનું છે, તો મુસ્લિમોને જમીન આપવી ખોટું છે. આ સાથે જ તેમણે નવા ટ્રસ્ટના આદેશ યોગ્ય નહતો ગણાવ્યો.

**- શંકરાચાર્ય સ્વામી સ્વરૂપાનંદ સરસ્વતી**

સુપ્રીમ કોર્ટનો નિર્ણય સૌએ સ્વીકારવો જોઈએ. સામાજિક સૌહાર્દ માટે એ લાભકારી હશે. લોકોને મારી અપીલ છે કે આ મામલે હવે વધારે કોઈ વિવાદ ન થાય.

**- બિહારના મુખ્ય મંત્રી નીતીશ કુમાર**

શિવસેનાના નેતા સંજય રાઉતે રામ મંદિર પર ચુકાદો આવ્યા બાદ ટ્વીટ કરી છે. આ ટ્વીટમાં સંજય રાઉતે લખ્યું, 'પહેલાં મંદિર પછી સરકાર!!! અયોધ્યામાં મંદિર, મહારાષ્ટ્રમાં સરકારપજય શ્રીરામ!!!'

**- સંજય રાઉત**

હિન્દુ મહાસભાના વકીલ વરૂણ કુમાર સિન્હાએ કહ્યું કે આ એક ઐતિહાસિક ચુકાદો છે. આ નિર્ણયની સાથે સુપ્રીમ કોર્ટે વિવિધતામાં એકતાનો સંદેશ આપ્યો છે.

**- હિન્દુ મહાસભા વકીલ**

## મોરપીંછના રંગ ● ચોથા પાનાનું ચાલુ


''ભજન '' આખા પરિવારનો પ્રાણ. સૌના ઘરમાં હારમોનિયમ મળે, લગ્નદિવસે કે કોઈના જન્મદિવસે અહીં હારમોનિયમ કે તબલા ભેટ આપવાની પરંપરા, કોઈપણ પ્રસંગે સૌ મળે એટલે સૌથી પહેલા ભજનો ગવાય. એ ભજનોમાંથી વહેતી સંસ્કારની સરવાણી, સૂર અને સંવેદના સૌને એક તાંતણે જોડે. નવી પેઢીના સંબંધો વધુ ઘટ્ટ બને. બધા ભાઈઓના ગળામાં મા સરસ્વતીનો વાસ. ક્યારેક એકબીજા સાથે લડતા ઝગડતા આ ભાઈઓ એકબીજાની મુશ્કેલીમાં એકબીજાની સાથે અડિખમ ઊભા રહી જતા મેં અનેકવાર જોયા છે.

મિત્ર મહેશ દવે, ઊર્ફે ભગત અને તેનો ભાઈ રમેશ અને હું ધો. ૧૦થી એમ.એ. સુધી સાથે ભણતા ( ૧૯૮૨) ત્યારથી મિત્ર છીએ.આ મિત્રતા એટલે પારિવારિક મિત્રતા, અમે એક થાળીમાં અનેકવાર જમ્યા હોઈશું, આચાર વિચારોમાં ભિન્નતા હોવા છતાંય મિત્રતાનો ભાવ હજીયે અકબંધ છે. આજે તે અમરેલી જેલમાં જેલર (ઓફિસર) છે. નોકરી પ્રત્યે સંપૂર્ણ નિષ્ઠાવાન, ધાર્મિક વાતાવરણ અને રૂઢિચૂસ્ત ગામડામાં ઉછેર થયો હોવા છતાંય ધર્મની સાથે સાથે ૨૧મી સદીની વિચારધારાની પણ એની સ્વીકૃતિ ને સમજણ કાબિલેદાદ છે, પુત્ર સારંગને સી.એ. બનાવવો અને દીકરી અસ્મિતાને પત્રકારત્વમાં, મીડિયા લાઈનમાં મોકલીને પાંખો આપવી એ બીજી પેઢીમાં સંસ્કારનું થતું આરોપણ છે.

માતા પિતા પાસેથી મળેલા સંસ્કારોનો વારસો સંતાનોને આપવાનો હોય છે. જે આ ભાઈઓ કરી રહ્યા છે અને તેમના સંતાનો આ પરંપરાને આગળ વધારવા સક્ષમ બની ગયા છે. કારણ કે આ સાત ભાઈ બહેનોના સંતાનો પણ આજે વેલ સેટ થઈને જીવે છે. સૌથી મોટાભાઈ ઘનશ્યામભાઈનો એક દીકરો મુકેશ કૉર્ટમાં જજ છે, ભગતનો પુત્ર સી.એ. છે. પુત્રી દિલ્હીમાં ટી.વી. ચેનલમાં પત્રકાર છે, કોઈ શિક્ષક છે, આચાર્ય છે, પણ સૌ જ્યારે સોલડીમાં મળે ત્યારે માતા પિતાની, દાદાની સેવા કરવાની, એક ધૂળિયા મકાનની ધૂળમાં બેસીને ભજનો ગાવાના અને મોજ કરવાની પરંપરા જાળવે છે, બહારના બધા હોદ્દા ભૂલીને મહિપતરામના દીકરાઓ તરીકે જીવવાની મજા લે છે. આ છએ છ ભાઈઓ અને તેમના સંતાનોનો શોખ પણ સરખો, બધાને હારમોનિયમ આવડે, બધાને ક્રિકેટમાં, લોકસંગીતમાં રસ, સૌ પૂ. મોરારિબાપુ અને નરેન્દ્ર મોદીના ચાહક, સૌને ભજનોમાં રસ, ભજનો ગાય, સૌને જુના ગીતો ગમે, સૌના ઘરમાં તબલા પેટી. આજે એક ઘરના બે ભાઈઓ વચ્ચે સામ્યતા નથી હોતી ત્યારે આ સાત ભાઈ-બહેનો અને તેમના વીસ પચીસ સંતાનોનો કુલ ૩૬ વ્યક્તિઓના શોખ, વિચાર, આદર્શ, સંસ્કાર એક હોય તે ૨૧મી સદીમાં તો ચમત્કાર જ કહેવાય. આ ૩૬નું એક વૉટ્સપ ગ્રુપ છે. મોટેભાગે દરરોજ સૌ એકબીજાને ફોન કરે, કોણ ક્યા છે, શા માટે છે, ક્યારે ઘેર આવશે તે બધાને બધી જ ખબર હોય. એટલે સોશિયલ મીડિયા પણ આ પરિવારને લાભદાયી જ નીવડ્યું છે.

એક માતા પિતા ધારે તો પોતાના સંતાનોને કેવી રીતે શિક્ષિત, સંસ્કારિત કરીને જીવતા શીખવે છે તેનું ઉદાહરણ આ પરિવાર છે. આજે કેટલા પરિવારો આવા હશે ? કેટલા પરિવારો આવી રીતે મળતા હશે ? કેટલા પરિવારો ના સંતાનો વચ્ચે આવો પ્રેમ હશે ? એકરૂપતા હશે ? આજે આપણે સૌ ઘર, પરિવાર, પ્રેમ, વિશ્વાસ, લાગણી, સંવેદના, સન્માન, હૂંફ, દયા, આદર્શ, સત્ય, આ બધુ ભૂલીને ડિજીટલ - ઈન્ટરનેટ લાઈફમાં વ્યસ્ત રહીએ છીએ. મોબાઈલની મોહમયી અને માયાવી દુનિયામાં જાતને ડુબાવીને પરિવારથી, પારિવારિક ભાવનાથી જોજનો દૂર થતા જઈએ છીએ ત્યારે આ દવે પરિવાર કદાચ આપણા સૌને માટે એક દીવાદાંડી સમાન છે. જો આ વાત આજે નહીં સમજીએ તો આવનારા થોડા જ વર્ષોમાં આપણે ને આપણા સંતાનો આલિશાન ઘરમાં કે કોઈ હૉટેલના હાઈફાઈ રૂમમાં એકલા તડપતા તડપતા સાવ કૂંઠિત અવસ્થામાં હોઈશું.

સંપર્ક: ઘનશ્યામભાઈ દવે-૯૪૨૭૮ ૪૮૨૨૪/મહેશ દવે ''ભગત'' - ૯૭૨૪૫ ૧૪૮૨૮
- 9426060601.india@gmail.com



રામજન્મ ભૂમિ પર રાજીવ ગાંધી : તત્કાલીન પ્રધાનમંત્રી રાજીવ ગાંધીએ પણ વિવાદીત જગ્યા માટે બંને પક્ષોને સાંભળવાનો પ્રયાસ કર્યો હતો. વિવાદીત જગ્યાએ રૂબરૂ જઈ બંને પક્ષોને સાંભળ્યા હતા તે પ્રસંગની તસવીર....

# સુપ્રીમ કોર્ટના ચુકાદાના મુખ્ય અંશો

- તોડીપાડવામાં આવેલું માળખુ ભગવાન રામનું જન્મસ્થાન છે. હિન્દુઓની આ આસ્થા નિર્વિવાદિત છે. જોકે માલિકી હકને ધર્મ, આસ્થાના આધાર પર સ્થાપિત ન કરી શકાય. આ કોઈ વિવાદ પર નિર્ણય થવાના સંકેત હોઈ શકે છે.
- સુપ્રીમ કોર્ટે કહ્યું- રામ જન્મભૂમિ સ્થાન ન્યાયિક વ્યક્તિ નથી. સુપ્રીમ કોર્ટે નિર્મોહી અખાડાનો દાવો નકાર્યો છે. નિર્મોહી અખાડાએ જન્મભૂમિના મેનેજમેન્ટનો અધિકાર માંગ્યો હતો.
- વિવાદિત માળખુ ઈસ્લામિક મૂળનું માળખુ નથી, પરંતુ આર્કિયોલોજિકલ સર્વે ઓફ ઈન્ડિયાએ તેમના રિપોર્ટમાં એવું નથી કહ્યું કે, મસ્જિદ બનાવવા માટે મંદિર તોડી પાડવામાં આવ્યું છે.
- રામ ચબૂતરો અને સીતા રસોઈ પર હિન્દુઓ અંગ્રેજોના સમયથી પૂજા કરી રહ્યા છે. રેકોર્ડમાં નોંધાયેલા સાક્ષી જણાવે છે કે, વિવાદિત જમીનની બહારનો હિસ્સો હિન્દુઓનો જ છે.
- ૧૯૪૬ના ફૈઝાબાદ કોર્ટના આદેશને પડકાર આપતી શિયા વક્ફ બોર્ડની વિશેષ અનુમતિ અરજીને સુપ્રીમ કોર્ટે ફગાવી દીધી છે. શિયા વક્ફ બોર્ડનો દાવો વિવાદિત જમીન પર હતો. તેને ફગાવી દેવામાં આવ્યો છે.
- સુપ્રીમ કોર્ટમાં અલ્હાબાદ હાઈકોર્ટ ના ચુકાદા ને પડકારવામાં આવ્યો હતો. ૨૦૧૦માં અલાહાબાદ હાઈકોર્ટે તેમના નિર્ણયમાં કહ્યું હતું કે, અયોધ્યાની ૨.૭૭ એકરના વિસ્તારને ૩ સમાન હિસ્સામાં વહેંચી દો. એક હિસ્સો સુન્ની વક્ફ, બીજો નિર્મોહી અખાડા અને ત્રીજો રામલલ્લા વિરાજમાનને મળે. હાઈકોર્ટના આ નિર્ણય વિરુદ્ધ સુપ્રીમ કોર્ટમાં ૧૪ અરજી દાખલ કરવામાં આવી હતી. જેનો ચુકાદો ૯ વર્ષ બાદ આજે જાહેર કરવામાં આવ્યો હતો.
- અયોધ્યા મામલે ચુકાદો આપનાર બેન્ચની અધ્યક્ષતા મુખ્ય ન્યાયાધીશ રંજન ગોગોઈએ કરી છે. આ બેન્ચમાં જસ્ટિસ બોબડે, જસ્ટિસ ડીવાય ચંદ્રચૂડ, જસ્ટિસ અશોક ભૂષણ, જસ્ટિસ એસ અબ્દુલ નઝીરનો સમાવેશ થાય છે.

## દંડ ભર્યો નથી ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અત્યાર સુધી ૧૦થી વધુ વાર મેમો આપવા છતા ઈ મેમાની ભરપાઈ ન કરી હોય તેવા વાહનચાલકો સામે તંત્રએ લાલ આંખ કરી છે. શહેરમાં અત્યાર સુધી ૨૪૦ જેટલા ટુ વ્હીલર તેમજ ફોર વ્હીલરના વાહનચાલકોને ૧૦ થી વધુ વાર ઈ મેમો આપવામાં આવ્યો છે. પરંતુ આટલા મેમાના અંતે દંડની રકમ ન ચુકવાનારા આ વાહનચાલકોની યાદી પોલીસ તંત્રએ આર ટી ઓ કચેરીને આપી છે. જેના અંતે આવા વાહનચાલકોને આર ટી ઓ નુ તંત્ર નોટીસ આપશે. ત્યારબાદ હીયરીંગ કરવામાં આવશે. જેના અંતે વાહનચાલકો પાસેથી દંડની રકમ વસુલાશે અગર દંડ ભરવામાં કસુર કરશે તેવા વાહનચાલકોના લાયસન્સ રદ કરવા સુધીના પગલા લેવાશે. તેમ પણ તંત્ર દ્વારા જણાંવાયુ છે.

## પાયલોટ પ્રોજેક્ટ ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ કામગીરીમાં તમામ ગામની જમીનો અંગેની નોંધ અને ૭/૧૨ની એટ્રીઓનું વેરીફીકેશન કરી એન્ટ્રીઓ કરવામાં આવશે. મામલતદાર કચેરીમાં આ કામગીરી ઝુંબેશના સ્વરૂપમાં હાથ ધરવામાં આવી છે.

સૂત્રોના જણાવ્યાનુસાર ગાંધીનગર તાલુકામાં ૮૪ હજારથી પણ વધુ પાનીયાઓની એન્ટ્રીઓ આ ઝુંબેશ દરમ્યાન તેનું કોમ્પ્યુરાઈઝેશન કરવામાં આવશે. જેથી હવે તાલુકાની તમામ જમીનોનું સ્ટેટસ આંગળાની એક ક્લીક પર અધિકારીઓને ઉપલબ્ધ થશે.

સરકારના મહેસુલ વિભાગે આવો એક પ્રોજેક્ટ અમદાવાદ જિલ્લાના એક ગામ પુરતો સીમીત રાખી અને હાથ ધર્યો હતો. જો કે આનો પ્રતિસાદ કેવો રહ્યો તે જાણી શકાયુ નથી પરંતુ ગાંધીનગર તાલુકાની પાયલોટ પ્રોજેક્ટ તરીકે પસંદગી કરવામાં આવી છે.

જિલ્લા કલેક્ટર આર્ય અને અધિક નિવાસી કલેક્ટર જાડેજા તેમજ પ્રાંત અધિકારી ભોરણિયા અને મામલતદાર સુનિલ રાવલ દ્વારા આ પ્રોજેક્ટ એક માસમાં પૂર્ણ થઈ જશે તેવી ખાત્રી આપવામાં આવી છે.

આ માટે કોમ્પ્યુટર અને ડેટા એન્ટ્રી કરવા તેમજ રેકર્ડના રીડીંગ સહિત નવો કોમ્પ્યુટરાઈઝ્ડ રેકર્ડ ઉપલબ્ધ થાય તે માટે આ ટીમોએ કામગીરી શરૂ કરી દીધી છે.

સરકાર દ્વારા પેપરલેસ એડમીનીસ્ટ્રેશનની દિશામાં આ મહત્વનું પગલુ હશે તેમ સચિવાલયના સૂત્રોનું કહેવુ છે.

## ચકાસણી ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સૂચના આપી હતી અને આજે આ અંગે ચકાસણીની કામગીરી પણ કરવામાં આવી હતી. જેમાં ઘણી શાખાઓમાં અમલવારી અને રેકર્ડ નિભાવણીને લઈ ભારે ઉદાસીનતા જોવા મળી હતી.

જિલ્લા વિકાસ અધિકારી રાવલે શાખાધિકારીઓને ટપારતાં જણાવ્યુ હતુ કે નાણાંકીય વર્ષ પૂર્ણ થવામાં હજુ ચાર માસ જેટલો સમય બાકી છે. નાણાંકીય સિદ્ધિ તેમજ ભૌતિક સિદ્ધિ ૧૦૦ ટકા થાય તે અનિવાર્ય છે. ઘણી બધી શાખાઓ દ્વારા ૫૦થી ૬૦ ટકા જેટલો જ ખર્ચ યોજનાકીય અમલવારીમાં થયો છે તેને લઈ તેમણે સખ્ત નારાજગી વ્યક્ત કરી હતી.

રાઈટ ટુ ઈન્ફર્મેશન એક્ટ અંતર્ગત મળેલ અરજીઓનો સમય-મર્યાદામાં નિકાલ થાય એટલુ જ નહિ તે માટે દરેક શાખામાં અલાયદુ રજીસ્ટર નિભાવવા માટે પણ તાકીદ કરી હતી. ઘણી બધી શાખામાં કર્મચારીઓની નિયમિતતાને લઈ પણ અધિકારીઓ દ્વારા દાખવવામાં આવતા ઉદાસીન વલણને લઈ નારાજગી વ્યક્ત કરતાં કહ્યુ હતુ કે આ પદ્ધતિ યોગ્ય નથી સમય મર્યાદાનું પાલન થવુ જોઈએ. નિયમિતતા આપણી પાસે નહિ હોય તો બીજાને કઈ રીતે તે અંગે સમજાવી શકાશે.

જિલ્લા વિકાસ અધિકારીએ વિકાસના કામો પણ સમય-મર્યાદામાં નિકાલ થાય તે માટે આગ્રહ કર્યો હતો. પેન્શન અને અન્ય કેસોનો પણ સંવેદનાસભર રીતે નિકાલ થાય એ જરૂરી હોવાનો આગ્રહ કરી કહ્યુ હતુ કે આના કેસોમાં બિનજરૂરી વિલંબ ટાળવો જોઈએ એટલુ જ નહિ સરકારની માર્ગદર્શક સૂચનાઓનું પણ ચુસ્તતાથી અમલ થવો જોઈએ.

પદાધિકારીઓ દ્વારા મળેલ રજુઆતોનો પણ સમય-મર્યાદામાં જ પ્રત્યુત્તર સકારાત્મક રીતે જાય તે જોવા પણ તેમણે સૌને કહ્યુ હતુ. તેમણે કહ્યુ હતુ કે તંત્રનો વહીવટ પ્રજાભિમુખ હોવો જોઈએ અને છેવાડાના માનવી સુધી કલ્યાણ રાજ્યની જે ભાવના છે તે સાકાર થતી જોવાની જવાબદારી પંચાયતી રાજની છે તે ભુલવુ જોઈએ નહિ.

## મંદિર વહીં બનેગા ● અનુસંધાન પહેલાનું ચાલુ

તેના અભ્યાસને નજર અંદાજ કરી શકાય તેમ નથી. સુપ્રીમ કોર્ટે નિર્મોહી અખાડાના દાવાને ફગાવી દીધો હતો. સાથે સાથે કહ્યુ હતુ કે તેની અરજી મોડેથી આવી છે. બેંચે કહ્યુ હતુ કે અંગ્રજો આવે તે પહેલા જ રામ ચબુતરા અને સીતા રસોઇની હિન્દુ લોકો પુજા કરતા હતા. રેકોર્ડના તમામ પુરાવા દર્શાવે છે કે વિવાદાસ્પદ જમીનની બહારના હિસ્સામાં હિન્દુઓનો કબજો હતો.

## નવો ઈતિહાસ ● અનુસંધાન પહેલાનું ચાલુ

મોટી લોકશાહી દેશ તરીકે છે. આજે દુનિયાએ જાણી પણ લીધું છે કે ભારતનું લોકતંત્ર કેટલું મજબૂત અને જીવંત રહેલું છે. ચુકાદા બાદ જે રીતે દરેક વર્ગ, સમુદાય, પંથ અને સમગ્ર દેશના લોકોએ ખુલ્લા દિલથી આ ચુકાદાને સ્વીકાર કર્યો છે કે તે ભારતની પરંપરા અને સદ્ભાવની ભાવનાને દર્શાવે છે. મોદીએ કહ્યું હતું કે ભારત જેના માટે ઓળખાય છે તે અમે ગર્વ સાથે ઉલ્લેખ પણ કરીએ છીએ અને તે બાબત વિવિધતામાં એકતાની રહેલી છે. આજે વિવિધતામાં એકતાનો મંત્ર પોતાના પૂર્ણ સ્વરૂપ સાથે નજરે પડે છે. હજારો વર્ષ બાદ પણ કોઈને વિવિધતામાં એકતા ભારતનાં આ પ્રાણ તત્વને સમજવાની જ જરૂર છે કે આજના દિવસના ઈતિહાસને જોઈ શકે છે. આ ઘટના ઈતિહાસના કાગળોથી ઉઠાવવામાં આવી નથી. સવાસો કરોડ લોકોએ ઈતિહાસની રચના કરી છે. મોદીએ પોતાના સંબોધનમાં એમ પણ કહ્યું હતું કે ભારતના ન્યાયપાલિકાના ઈતિહાસમાં આજનો દિવસ સુવર્ણ દિવસ તરીકે છે. આ વિષય ઉપર સુનાવણી દરમિયાન સુપ્રિમ કોર્ટે તમામ લોકોની ભાવનાઓ અને રજુઆતોને ધૈર્ય સાથે અને ગંભીરતાપૂર્વક સાંભળી હતી.

# અયોધ્યામાં વિસ્તૃત ઘટનાક્રમ

છેલ્લા ૭૦ વર્ષથી ચાલી રહેલી કાયદાકીય લડાઇ, ૪૦ દિવસ સુધી સતત ચાલેલી મેરાથોન સુનાવણી બાદ આખરે આજે અયોધ્યા મામલામાં સુપ્રીમે તેનો ઐતિહાસિક ચુકાદો આપી દીધો હતો. આ ચુકાદા પર ભારતભરમાં તમામ લોકોની બાજ નજર રહેલી હતી. રાજકીય રીતે ખુબ જ સંવદેનશીલ ગણાતા રામજન્મભૂમિ-બાબરી મસ્જિદ વિવાદ પર સુપ્રીમ કોર્ટની પાંચ જજની બેંચે સર્વસંમંતિથી અથવા તો ૫-૦થી આ ઐતિહાસિક ચુકાદો આપ્યો હતો. રામ જન્મભૂમિ અયોધ્યા વિવાદનો ઘટનાક્રમ નીચે મુજબ છે.

**વર્ષ ૧૫૨૮**

પ્રથમ મોગલ સમ્રાટ બાબરે બાબરી મસ્જિદનું નિર્માણ કરાવ્યું હોવાનું માનવામાં આવે છે. ત્યાર બાદથી બાબરી મસ્જિદને લઈને હજુ સુધી સતત ચર્ચાઓ રહી હતી

**વર્ષ ૧૮૮૫**

મહંત રઘબીર દાસ દ્વારા ફેઝાબાદની કોર્ટમાં અપીલ કરીને બાબરી મસ્જિદની જગ્યામાં મંદિરનું નિર્માણ કરવા માટે પરવાનંગી માગી હતી પરંતુ આ અરજીને ફગાવી દેવામાં આવી હતી

**વર્ષ ૧૯૫૦**

ગોપાલ વિસારદ અને રામચંદ્ર દાસે ફેઝાબાદ કોર્ટમાં અપીલ કરીને મુર્તિઓની પુજા કરવાની પરવાનગી માંગી હતી અને તર્કદાર દલીલો કરી હતી

**વર્ષ ૧૯૫૯**

નિર્મોહી અખાડાએ વિવાદાસ્પદ જમીનની પરવાનગી માંગીને કોર્ટમાં અપીલ કરી હતી

**વર્ષ ૧૯૬૧**

સેન્ટ્રલ સુન્ની વક્ફ બોર્ડ દ્વારા વિવાદાસ્પદ જમીનના ટાઈટલને જાહેર કરવા માટે કોર્ટમાં અપીલ કરી હતી અને મસ્જિદની અંદર મુકવામાં આવેલી મુર્તિઓને દુર કરવાની રજુઆત કરી હતી

**ફેબ્રુઆરી ૧૯૮૬**

ફેઝાબાદ કોર્ટે મુર્તિઓની પુજા કરવા હિંદુ સમુદાયના લોકોને મંજુરી આપી હતી

**ઓગસ્ટ ૧૯૮૯**

અલ્હાબાદ હાઈકોર્ટે વિવાદાસ્પદ ટાઈટલ મામલામાં જવાબદારી પોતાના હાથમાં લીધી અને યથાસ્થિતિ જાળવી રાખવા માટેનો આદેશ કર્યો હતો

**નવેમ્બર ૧૯૮૯**

રાજીવ ગાંધી સરકારે વિવાદાસ્પદ જમીન નજીક પુજા કરવા વિશ્વ હિંદુ પરિષદને મંજુરી આપી હતી

**સપ્ટેમ્બર ૧૯૯૦**

ભાજપના નેતા લાલકૃષ્ણ અડવાણીએ રથયાત્રા શરૂ કરી હતી જે સમગ્ર દેશમાં નિકળી હતી. આ રથયાત્રામાં લાખોની સંખ્યામાં લોકો જોડાયા હતા અને રથયાત્રાને સારો પ્રતિશાદ મળ્યો હતો

**ડિસેમ્બર ૧૯૯૨**

કાર સેવકોએ બાબરી મસ્જિદને તોડી પાડી હતી. છઠ્ઠી ડિસેમ્બર ૧૯૯૨ના દિવસે બાબરી મસ્જિદને તોડી પાડવામાં આવી હતી જેનાથી તોફાનો થયા હતા. જસ્ટિસ લિબરહાન પંચની નિમણૂંક આ મામલામાં તપાસ કરવા માટે કરવામાં આવી હતી

**વર્ષ ૧૯૯૩**

પીવી નરસિંહરાવ સરકારે વિવાદાસ્પદ જમીનની નજીક ૬૭ એકર જમીન મેળવી લીધી હતી. સુપ્રીમ કોર્ટે ડોક્ટર ઈસ્માઈલ ફારુકી સુકાદામાં અધિગ્રહણને જાળવી રાખવાનો આદેશ કર્યો હતો

**એપ્રિલ ૨૦૦૨**

અલ્હાબાદ હાઈકોર્ટે ટાઈટલ સ્યુટ મામલામાં સુનાવાણી હાથ ધરી હતી. જેને લઈને કાયદાકીય નિષ્ણાંતોમાં આની ચર્ચાઓ શરૃ થઈ ગઈ હતી

**માર્ચ ૨૦૦૩**

સુપ્રીમ કોર્ટે મોહમ્મદ અસલમ કેસમાં જમીન મેળવવામાં ધાર્મિક પ્રવૃતિ પર પ્રતિબંધ મુકી દીધો હતો. ધાર્મિક પ્રવૃતિ પર પ્રતિબંધ મુકવામાં આવ્યા બાદ આને લઈને જોરદાર ચર્ચા શરૂ થઈ ગઈ હતી

**વર્ષ ૨૦૦૯**

લિબરહાટ પંચે તેમનો તપાસ અહેવાલ સુપ્રત કરી દીધી હતો. બાબરી મસ્જિદને તોડી પાડવામાં આવ્યા બાદ આ મામલામાં તપાસ કરવા પંચની રચના કરવામાં આવી હતી

**૩૦મી સપ્ટેમ્બર ૨૦૧૦**

હાઈકોર્ટે હિંદુ, મુસ્લિમ અને નિર્મોહી અખાડાની અંદર વિવાદાસ્પદ જમીનને ત્રણ ભાગમાં વહેચી દેવાનો ઐતિહાસિક ચુકાદો આપ્યો હતો. ત્યારબાદ પણ આને લઈને વિવાદ અકબંધ રહ્યો હતો

**મે ૨૦૧૧**

સુપ્રીમ કોર્ટે જુદા જુદા પક્ષો દ્વારા દાખલ કરવામાં આવેલી ક્રોસ અપીલ પર હાઈકોર્ટના ચુકાદા પર મનાઈ હુકમ મુકી દીધો હતો. ત્રણ ભાગમાં જમીનને વહેચી દેવાના હાઈકોર્ટના નિર્ણય સામે વાંધો ઉઠાવ્યો હતો

**ઓગસ્ટ ૨૦૧૭**

જસ્ટિસ દિપક મિશ્રાના નેતૃત્વમાં સુપ્રીમ કોર્ટની ત્રણ જજની બેચે અપીલો પર સુનાવણી હાથ ધરી હતી. મેન ટાઈટલ વિવાદ સાઈટ ટ્રેક રહ્યો હતો. મુસ્લિમ પક્ષોએ ફારુકી ચુકાદાના કરવામાં આવેલા જટીલ કારણોના રેફરન્સની માંગ કરીને મુસ્લિમ પક્ષોએ પ્રતિક્રિયા માંગી હતી. આમા દલીલ કરવામાં આવી હતી કે, મસ્જિદની અંદર પુજા ઈસ્લામના હિસ્સા તરીકે નથી. આમા બહુમતી ચુકાદો પુજા માટે ઈન્કાર કરતો અપાયો હતો

**જાન્યુઆરી ૨૦૧૯**

ચીફ જસ્ટીસ રંજન ગોગોઈના નેતૃત્વમાં પાંચ જજની બંધારણીય બેચે ટાઈટલ અરજીઓ પર સુનાવણી હાથ ધરી હતી પરંતુ સાથે સાથે સૌથી પહેલા મધ્યસ્થી મારફતે આ વિવાદને ઉકેલવા પ્રયાસ કરવા માટે પણ કર્યું હતું.

**છઠ્ઠી ઓગસ્ટ ૨૦૧૯**

સુપ્રીમ કોર્ટના પૂર્વ જજ જસ્ટિસ કેલિફુલ્લાના નેતૃત્વમાં મધ્યસ્થી કમિટીએ સર્વસહમતી પર પહોંચવામાં નિષ્ફળ રહી હતી. સાથે સાથે કોર્ટે સુનાવણી શરૂ કરી હતી.

**૧૬મી ઓક્ટોબર ૨૦૧૯**

૪૦ દિવસ સતત સુનાવણી કરવામાં આવ્યા બાદ ૧૬મી ઓક્ટોબર ૨૦૧૯ના દિવસે સુપ્રીમ કોર્ટે તેનો ચુકાદો અનામત રાખ્યો હતો. જેથી ચુકાદાને લઈને તમામ નિષ્ણાંતોમાં તથા દેશના લોકોમાં ઉત્સુક્તા વધી ગઈ હતી. ચુકાદાને લઈને લોકો રાહ જોઈ રહ્યા હતા.

**નવમી નવેમ્બર ૨૦૧૯**

સુપ્રીમ કોર્ટની બંધારણીય બેચ દ્વારા આજે ચુકાદો આપ્યો હતો. ઐતિહાસિક ચુકાદો આપતીવેળા કોર્ટે તમામ બાબતોની નોંધ લીધી હતી. છેલ્લા ૭૦ વર્ષથી ચાલી રહેલી કાયદાકીય લડાઇ, ૪૦ દિવસ સુધી સતત ચાલેલી મેરાથોન સુનાવણી બાદ આખરે આજે અયોધ્યા મામલામાં સુપ્રીમે તેનો ઐતિહાસિક ચુકાદો આપી દીધો હતો. આ ચુકાદા પર ભારતભરમાં તમામ લોકોની બાજ નજર રહેલી હતી. રાજકીય રીતે ખુબ જ સંવદેનશીલ ગણાતા રામજન્મભૂમિ-બાબરી મસ્જિદ વિવાદ પર સુપ્રીમ કોર્ટની પાંચ જજની બેંચે સર્વસંમંતિથી અથવા તો ૫-૦થી આ ઐતિહાસિક ચુકાદો આપ્યો હતો. નિર્મોહી અખાડાના દાવાને ફગાવી દેવામાં આવ્યો છે. સાથે સાથે સુપ્રીમ કોર્ટે રામલલા વિરાજમાન અને સુન્ની વક્ફ બોર્ડને જ પક્ષકાર તરીકે ગણ્યા હતા.